## જન્મદિને વધામણી



અરૂણભાઈ એન ત્રિવેદી
એડવોકેટ
મો. ૯૮૨૪૧ ૦૭૧૧૧



દિનેશકુમાર
બુધાભાઈ રાઠોડ
મો. ૯૨૨૮૫ ૬૩૪૮૧

# આત્મન ફાઉન્ડેશન દ્વારા અગરિયા પરિવારોને જરૂરી ચીજ-વસ્તુઓનું વિતરણ





ગાંધીનગરની સેવાભાવી પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં ખારાઘોડા-ઝીંઝુવાડાના મીઠાના અગરોમાં કામ કરતા અગરિયા પરિવારોને જરૂરી ચીજ-વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા અગરો વચ્ચે, આસપાસ એ પરિવારોનાં બાળકોના અભ્યાસ અર્થે તંબુશાળાઓ ચલાવવામાં આવે છે. આવી તંબુશાળાઓના ૧૯ જેટલા વર્ગો ચલાવવામાં આવે છે. અગરિયા હિતરક્ષક મંચ દ્વારા પણ અગરિયા શ્રમિકો અને બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ, જાગૃતિ વિષયક કાર્યો કરવામાં આવે છે. આત્મન ફાઉન્ડેશન દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા, ઝીંઝુવાડામાં આવા શ્રમિકોનાં બાળકો, તંબુશાળામાં ભણતાં બાળકોને ઉનાળાના સમયમાં ઉપયોગી બને તે માટે સ્લીપર, કેપ (ટોપી), બિસ્કીટ-નાસ્તાના પેકેટ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઓમકાર ટ્રસ્ટ દ્વારા રમકડાં, પેન્સિલ-રબર, દફતર વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. મીઠાના અગર એટલે એક જુદી જ દુનિયા. છૂટાછવાયા મીઠાના અગર-પાટા હોય, કાચુંખોરડું બાંધી શ્રમિકો રહેતા હોય. માથે ધોમધખતી આકરી ગરમી. કિલોમીટરના કિલોમીટર સુધી રણનો ખારો પાટ. આત્મન દ્વારા પ્રતિ વર્ષ આ મીઠાના શ્રમિકો વચ્ચે જઈ કોઈ ને કોઈ ઉપયોગી પ્રવૃત્તિ કરવામાં આવે છે. સંસ્થાએ આલોકની શાળા, મનીષ, ગણેશ મંડળી, નાગબાઈ મંડળી, ઝાળા સોલ્ટ, ચકાભાઈના પાટા, ફૂલ ગામડી, ઓડુ પહેલી, છઠ્ઠી સાઈડિંગ વગેરે જેવાં ૧૪ જેટલાં સ્થળોએ જઈ ૪૦૦ લાભાર્થીઓને વસ્તુઓનું વિતરણ કર્યું હતું, શ્રમિકો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. આ સેવાકાર્યમાં સંસ્થાનાં પ્રજ્ઞા પટેલ, એચ બી વરિયા, દિવ્યાબેન વરિયા, ઈરફાનભાઈ અને અગરિયા મંચના ભરતભાઈ સુમેરુ જોડાયા હતા.

## યુવા જવાબદારીનું નવું નામ 'ઓ યાર'

ગાંધીનગર, તા. ૨૯

કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં સર્વ નેતૃત્વ શિબિર અંતર્ગત ઓ...યાર....(અવર યૂથ અવર રિસ્પોન્સિબીલીટી) પ્રોજેક્ટનું આયોજન એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઈંગ્લીશ મીડિયમ બી. એડ. કૉલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા અલગ-અલગ શાળાઓનાં વિદ્યાર્થીઓને આ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ વિષયો પર માર્ગદર્શન અને સલાહ આપવામાં આવી જેમાં મોટીવેશન, ગાઈડન્સ, સેવ બર્ડસ, ધૂમ્રપાન નિષેધ, પોલ્યુશન અન્ડર કંટ્રોલ અને બોર્ડની પરીક્ષા સમયે તણાવમાંથી મુક્ત થવા માટેના ઉપાયો વગેરેનો સમાવેશ થાય છે.

SN (સર્વ નેતૃત્વ)-૩૩ બૅન્ચમાંથી પ્રેરણા લઈને સમાજને કંઈક અર્પણ કરવાનું અને તેના વિકાસમાં યોગદાન કરવાનું વિચાર્યુ, આથી તેમણે આવનારી પેઢીમાં જાગૃકતા લાવવા અંગે યશદીપસિંહ રાઠોડ(લિડર), વિશાલ પટેલ, સડવા રાહુલ, પટેલ ડિમ્પલ (સંયોજક) વિદ્યાર્થીઓ દ્વારા ૫મી જાન્યુઆરી, ૨૦૧૮નાં દિવસે આ પ્રોજેક્ટની શરૂઆત કરી હતી. આજ દિન સુધી ૨૮ શાળાઓમાં વિવિધ વિષયો પર ૩૧૫ સેમિનાર, ૧૨૮ સ્વયં સેવકો દ્વારા ૧૮,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સુધી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તારીખ- ૨૮-૩-૨૦૧૮નાં રોજ સી.એમ.પટેલ માધ્યમિક શાળાનાં ધોરણ-૯નાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર સેમીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ટાઈમ મેનેજમેન્ટ (યશદીપસિંહ) , ડર કે આગે જીત હૈ (વિશાલ), તણાવ મુક્ત જીવન(ડિમ્પલ), માન્યતાઓથી પર થઈને સફળતા(રાહુલ) જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. લિડર યશદીપસિંહ અને ટીમ દ્વારા તમામ ૧૨૮ સ્વયંસેવકોને ૧૮,૦૦૦ વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે શુભેચ્છાઓ અને આભાર પ્રગટ કર્યો હતો. એસ. એસ. પટેલ અને આર. એચ. પટેલનાં હેડ અને પ્રાધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને મળેલી સફળતાઓ માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યાં હતાં.

## પુનમે અડાલજમાં ટહુકાની ચેહરમાતાની જાતર યોજાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી ટહુકાની ચેહર માતાજીની જાતર ચૈત્ર સુદ પુનમ તા.૩૧મી માર્ચના રોજ રાત્રે સાડા નવ વાગે શ્રી ટહુકાની ચેહર ધામ અડાલજ હાઈવે ખાતે યોજાશે. રવિવારે તા. ૧લી એપ્રિલના રોજ પ્રભાતે પીયાલા થશે. તા. ૩૧-૩-૨૦૧૮ના રોજ નવચંડી યજ્ઞ સવારે ૮.૩૦ કલાકે શરુ થશે જયારે પૂર્ણાહુતી સાંજે ૪.૩૦ કલાકે થશે. આનંદમેળો સાંજે ૫ કલાકે યોજાશે. પ્રસાદીનું આયોજન સાંજે ૫.૩૦ કલાકથી કરવામાં આવ્યું છે. ભાવિકોને દર્શનાર્થે આવવા શ્રી સતીષભાઈ ભુવાજી-શ્રી ટહુકાની ચેહર મિત્રમંડળ ગોતા દ્વારા જણાવાયું છે.

### માનસિક દિવ્યાંગો અને તેમના વાલીઓ માટે

# સેલ્ફ એડવોકેસી અને પેરેન્ટ્સ તાલીમ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૨૯

પરિવાર, સાધના, સૅલ્ફ ઍડવોકેટ્સ ફોરમ ઑફ ઈન્ડિયા, સીબીઍમ, અંબા ઍન્જલ્સ અને ટીજીસીટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે માનસિક દિવ્યાંગો માટે ત્રીજા સૅલ્ફ ઍડવોકેસી અને પૅરેન્ટ્સ ટ્રેઈનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંબા ઍન્જલ્સ સૅન્ટર ફૉર સ્પેશિયલી એબલ્ડ, અડાલજ, ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત દિવ્યાંગ વ્યક્તિઓ અને તેમના વાલીઓની સૅલ્ફ ઍડવોકેસી માટેની તાલીમનું પ્રથમ સેશન યોજાયું હતું. ૧૨ દિવ્યાંગો, તેમના શિક્ષકો અને તેમના વાલીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. માનસિક દિવ્યાંગ વ્યક્તિઓના વાલીઓને સૅલ્ફ ઍડવોકેસી અંગેની તાલીમ માસ્ટર ટ્રેનર જિજ્ઞેશ રાવલ દ્વારા આપવામાં આવી હતી.

આ સાથે માનસિક દિવ્યાંગોને અલગ અલગ રોલ પ્લે દ્વારા સૅલ્ફ ઍડવોકેસીમાં જોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અંબા ઍન્જલ્સના બીનાબેન શકવાની અને પરિવારના ભાનુપ્રસાદ ચૌહાણ તેમજ સાફીના માસ્ટર ટ્રેનર જિજ્ઞેશ રાવલ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## બે સરકારી પ્રાથમિક શાળાઓ ખાતે માતૃભાષા-વ્યાકરણ સુધારણા કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૮ અને સૅક્ટર-૧ ખાતે માતૃભાષા સંવર્ધનના પ્રયોગલક્ષી પરિણામના ભાગરૂપે રોહિતકુમાર ભાનુપ્રસાદ જોષી દ્વારા બાળકોને માતૃભાષા તથા વ્યાકરણ જાગૃતિનું સુધારણા, વિરામચિહ્નો વિષે સમજ આપવામાં આવી હતી અને બાળકોને અક્ષર સુધારણા વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય પ્રકાશભાઈ પટેલ અને શાળાનો સમગ્ર સ્ટાફ જોડાયો હતો.

બંને શાળાઓએ રોહિતભાઈ બી જોશી પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં જોયફૂલ લિવિંગ અને વેલ્યુ એજ્યુકેશન ડેની ઉજવણી





તા.૨૯/૦૩/૨૦૧૮, ગુરુવારના રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા, ખાતે **Joyful living day**ની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રી.પ્રાઈમરી અને ધોરણ ૧ થી ૪ ન બાળકો એ વાર્તા અને ગીત ધ્વારા જીવન ના મુલ્યો ની સુંદર રજુઆત કરી તેમજ શિક્ષકો ધ્વારા જીવન ના મુલ્યો વિષે પણ માહિતી આપવામાં આવી.

## વર્લ્ડ હેરિટેજ સિટી વિષયે સેમિનાર યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ઈતિહાસ વિભાગ દ્વારા બે દિવસ માટે 'વર્લ્ડ હેરિટેજ સિટી, અમદાવાદ - કમ્યુનિટી, સોસાયટી એન્ડ હિસ્ટ્રી' હતો.

આ સેમિનારમાં ૧૩૦ કરતાં વધારે પ્રતિનિધિઓ સમગ્ર ભારતમાંથી ભાગ લેવા આવ્યા હતા. ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતું, ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી શાહે પણ હાજર રહી વિષયને અનુરૂપ માહિતી આપી હતી અને ચર્ચામાં ભાગ લીધો હતો. જિતેન્દ્ર વી શાહે અગાઉ રાજયમાં અને રાજય બહાર પણ આશરે ૪૦ કરતાં વધારે સંશોધન પેપરનું વાચન કર્યુ છે.

## અમદાવાદમાં વિશ્વ રંગભૂમિ દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૯


વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે રજવાડું ખાતે 'વાચિકમનું વૃંદાવન' નામના કાર્યક્રમમાં કાગળ પર અવતરેલાં સાહિત્યનાં સ્વરૂપોને રંગભૂમિ પર તાદશ અને તદ્રૂપ કરાયા હતા. કાર્યક્રમમાં સાહિત્ય, તખ્તા અને ફિલ્મોના જાણીતા કલાકારોએ ગુજરાતી સાહિત્યના કેટલાક શ્રેષ્ઠ ગદ્યખંડો અને પદ્યનું વાચિકમ કર્યુ હતું. જેમાં 'કેવી રીતે જઈશ' અને બે યાર'ના ડાયરેક્ટર અને પ્રોડ્યૂસર અભિષેક જૈને સુરેશ દલાલે લખેલા લેખના અંશોનું પઠન કર્યું હતું. આ પછી 'બેટરહાફ' અને 'મિશન મમ્મી'ના ડાયરેક્ટર આશિષ કક્કડે જ્યોતિન્દ્ર દવે પર વિનોદ ભટ્ટે લખેલા લેખનું પઠન અને કવિ રમેશ પારેખનાં કાવ્યોનું પઠન કર્યું હતું. આરજે દેવકીએ તેમના નાટકો 'ધાડ' અને 'સમુદ્ર મંથન'ના કેટલાક ડાયલોગ્સનું વાચિકમ કર્યું હતું. કલ્પના શાહે દેવાંશુ પંડિત એટલે કે અધીર અમદાવાદીની રચના રજૂ કરી હતી. એક્ટર ચિરાગ વોરાએ ઝવેરચંદ મેઘાણીની કૃતિ ચારણ કન્યાના કેટલાક અંશોનું પઠન કર્યું હતું. એક્ટર પ્રતીક ગાંધીએ ચં. ચી મહેતાની ગદ્ય શ્રેણી 'ગઠરિયાં'માંથી કેટલાક અંશ અને 'હું ચન્દ્રકાંત બક્ષી' નાટકમાંથી કેટલાક ડાયલોગનું વાચિકમ કર્યું હતું. કવિ અંકિત ત્રિવેદીએ તેમની સ્વરચિત એકોક્તિ 'ઉર્મિલા'નું રસાળ પઠન કર્યું હતું. અભિનેતા દર્શન ઝરીવાલાએ તેમની ફિલ્મ 'કેરી ઓન કેસર'ના ડાયલોગ્સ અને નિરંજન ભગતનાં કાવ્યોનું પઠન કર્યું હતું. આ આખા કાર્યક્રમનું દિગ્દર્શન જાણીતા નાટ્યકાર મનોજ શાહે કર્યું હતું.


રજવાડું દર વર્ષે જેમ કોઈ એક રંગકર્મીનું સન્માન કરે છે તેમ આ વર્ષે અભિનેતા દર્શન ઝરીવાલાનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે આવતા મહિને રજવાડુંમાં યોજાનારા કાર્યક્રમ 'સ્વરોત્સવ'ની જાહેરાત પણ કરાઈ હતી. આ કાર્યક્રમ ૨૦થી ૨૨ એપ્રિલ દરમિયાન યોજાશે. આ જાહેરાત રજવાડુંના રાજેશ પટેલ, કવિ અને સંચાલક અંકિત ત્રિવેદી, ગિરિશ દાણી, જયેશ વોરા અને રીટા ત્રિવેદીએ કરી હતી. આ કાર્યક્રમમાં ગાયક રૂપકુમાર રાઠોડથી માંડીને લોક કલાકાર સાંઈરામ દવે સહિત અન્ય કલાકારો ભાગ લેશે.

# પ્રત્યેક દિવસે અઢાર વ્યક્તિ ગુજરાતમાં આપઘાત કરે છે

આનંદ અને આપત્તિની વચ્ચે મળતી જિંદગીને જે લોકો હળવાશથી લઈનો હસીનો ઉલ્લાસમય રીતે જીવે છે, તેઓ જિંદગીની કસોટીમાં સફળતાપૂર્વક ધ્યેય હાંસલ કરી જાય છે. આજના સ્પર્ધાત્મક યુગમાં દરેક માણસને તણાવ રોજ પરેશાન કરે છે. એટલે રોગનો ભરડો સતત વધતો જાય છે. લક્ષ્યાંકવાળા જીવનમાં વ્યક્તિ સ્વયંનું જીવનલક્ષ્ય ચૂકી જાય છે. પૂરા દેશમાં પ્રત્યેક ક્ષેત્રમાં રોજ પડકારો અને સંઘર્ષ વધતા જ જાયછે. એટલે સમાજમાં કશે પણ શાંતિ અને નિરાંત રહી નથી. યુવાવર્ગના આપઘાતો ભારતમાં સૌથી વધુ થઈ રહ્યા છે. જીવનનો બોજો વધતાં વધતાં એ માનવીની અંદરની સહનશક્તિને જ્યારે ખાઈ જાય છે ત્યારે બધું જ નકારાત્મક બની શકે છે. ઈશ્વરે જીવન આપ્યું છે, માટે જીવનના અંત વિશે તેની જ કૃતિને સ્વીકૃત ગણવી એ આદર્શ વિચાર છે.

ગુજરાત પ્રગતિશીલ રાજ્યનો દરજ્જો ધરાવે છે, તેમ છતાં સરેરાશ રોજ ૧૮ યુવાન કે જેની વય પંદરથી ત્રીસ વર્ષ વચ્ચેની છે, તેઓ આત્મહત્યા કરે છે. આ હકીકત જ અતિ ચિંતાનો વિષય છે. બીજું, આ બાબત પ્રત્યેક ઘર કે પરિવારને સ્પર્શે છે. ત્રીજું, આ બાબત આર્થિક નથી તેથી ચર્ચાથી દૂર રહી દબાઈ જાય છે. ચોથું, કોઈ જ નક્કર કાર્યવાહી આ પ્રકારના કિસ્સાને રોકવાની દેખાતી નથી. પાંચમી વાત, આ નવ યુવાવર્ગના ભાવિની છે. માટે તેને નજરઅંદાજ કરવી વધુ ઘાતક થઈ જાય છે. પ્રેમાનંદ સ્વામીએ ભગવાનની રોજિંદી સ્તુતિ રચી છે તેમાં પ્રભુ પાસેથી સાત પ્રકારની યાચના કરી છે. તેમાં આત્મઘાત નહીં કરવો તેવી વાત કહેવામાં આવી છે. જીવનને જાતે જ ટૂંકાવી નાખવું એ નિશ્ચિતપણે કાયરતાનું કૃત્ય કહી શકાય. જીવનમાં પ્રશ્ન ઊભા થાય પછી તેનું સમાધાન શોધવાના પ્રયાસો થાય. આ ક્રમ એ સહજ રીતે જીવાતી જિંદગીનો છે. જીવન સરળ નથી અથવા એ દુષ્કર પણ નથી.






મરીઝસાહેબનો એક સુંદર શેર છે :

જિંદગીના રસને પીવામાં
જલદી કરો મરીઝ
એક તો ઓછી મદિરા છે
ને ગળતું જામ છે.

જીવનના પૂર્વાર્ધ વિશે કોઈને કંઈ જ ખબર હોતી નથી તો જીવનના અંત પછી શું હોઈ શકે તેની કોઈ જાણકારી મળતી નથી. અર્થાત જે નજર સામેથી પસાર થઈ રહ્યું છે તે જીવનને શા માટે નિર્ભયતાથી અને આનંદથી ના જીવવું? કડવી સચ્ચાઈ જે જાણવા મળી છે તે મુજબ આ નવયુવાવર્ગ ખુદના અસ્તિત્વને મિટાવવા નીકળે છે તેઓ નીચેની સમસ્યાઓના કારણે આવું કરે છે.

- ભણતરમાં ટકાવારી, ગ્રેડ કે સફળતા માટે પુષ્કળ તણાવ
- જાતિયતાના માર્ગે વિજાતીય મૈત્રી સંબંધમાં નિષ્ફળતા
- પ્રેમ સંબંધમાં તિરાડ અથવા વિશ્વાસઘાતનો સામનો
- કૌટુંબિક ફરજપાલનમાં ઊભી થતી સમસ્યાઓ
- આર્થિક જવાબદારી નિભાવવામાં મળતી નિષ્ફળતાઓ

આજના યુગમાં પારિવારિક સંવાદ-વાર્તાલાપ-ચર્ચાઓ થતી નથી અને ઘરના સભ્યો માનસિક રોગના ભોગ બનતા જ જાય છે. ઉપરાંત 'પ્રેમ' શબ્દમાં વિજાતીય વ્યક્તિના પ્રેમનું જ મહત્ત્વ ધ્યાને લેવાય છે. પણ માબાપ, મિત્રો, પરિવાર એ બધાનો જે પ્યાર સતત મળતો હોય છે તેનું શું? આત્મહત્યા એ હરગીઝ કોઈ ઉપાય-સોલ્યુશન નથી. પ્રેમના તત્ત્વથી દુનિયા જીવંત છે. પ્રેમ તો દરેક પાસેથી મળતો હોય છે. જેની નોંધ લેવામાં થાપ ખાઈ જાય છે. અપેક્ષા મુજબ પૈસો અને પ્રેમ મળી જ જશે એવું હરગીઝ હોતું નથી. એ પણ નિયતિને આધિન હોય છે તે સમજવું પડે. અતિ ભૌતિકવાદથી સરખામણી કરી કરીને જીવવાની પદ્ધતિ પણ બદલવી પડે તો જ સુખની નજીક જઈ શકાય છે. દરેક માનવી એ ચિંતન કરવા પ્રેરે તેવા શેરને હૈયે ધારણ કરવો પડશે -

અબ ફૈસલા તુજે કરના હૈ
સોચ લે
બાત ખત્મ કરની હૈ
યા કહાની શૂરુ ?

ડૉ. મુકુલ ચોક્સીના શેરમાં કડવી સચ્ચાઈ છુપાયેલી છે -

કોણે કહ્યું કે
મરણ બાદ મુક્તિ છે
રહે છે કેદ એની
એ ફક્ત દિવાલો બદલે છે

કૃષિક્ષેત્રમાં કૃષિકારોના આપઘાતોમાં આર્થિક દેવું મુખ્ય કારણ જોવા મળ્યું છે તો યુવાવર્ગના કિસ્સાઓમાં પ્રેમની નિષ્ફળતા અને પરીક્ષા સંલગ્ન સ્ટ્રેસ મહદંશે જોવામાં આવ્યા છે. હવે આ સ્થિતિને સુધારવા શું થઈ શકે તેનું ચિંતન કરવું અતિ જરૂરી છે. આ રહ્યા સરળ ઉપાયો જેમાં પ્રથમ તો પરિવારે પોતાનાં સંતાનો ઉપર વધુ પડતી અપેક્ષાઓ નાખવાની નથી. દરેકનું વ્યક્તિત્વ વિભિન્ન હોય છે. ઉપરાંત માનસિક હૂંફ અને પ્યાર પોતાનાં સંતાનોને રોજ આપવા ખૂબ જ જરૂરી છે. બીજું, કર્મ કરી ફળ માટેની સઘળી જવાબદારી ઈશ્વરને સોંપી દેવી એ પ્રકારના એક સંસ્કારના બીજને રોપવાની આદત બધાએ ઊભી કરવી પડશે. સ્ત્રી અને પુરુષના પ્રેમને જ આખરી પ્રેમ તરીકે જીવનમાં જોવાય છે તે બાબતને બદલાવવી પડે તેમ છે. જીવનને સર્વ દિશાએથી સર્વ સજીવોથી પ્રેમ મળતો જ હોય છે જે આપણે જોતા નથી કે જોવાની દૃષ્ટિ નથી. એક સુંદર મજાના શેરમાં આ વાત કહેવામાં આવી છે.

નાની નકામી વાતમાં
શાને બબાલ કર ?
જગને વહાલ કર
જીવતરને ન્યાલ કર
શેર આસ્વાદ
જો કહ દિયા વો બાત થી
જો રૂક ગયે વો અહેસાસ થે